

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સત્તા અને સિદ્ધાંત વચ્ચે હેતુઓ પેંચાય છે,*
*યોગ્ય થાય 'સમન્વય' અને સત્તા રેંચાય છે,*
*મિંચાય છે આંખો મૂળ-મુદ્દાઓથી સત્તાલક્ષી -*
*બેફામ ઉડતા અશ્વની લગામ ખેંચાય છે.*

### હાઈકુ

*પડ્યું છે ટીપું*
*એકતાના દૂધમાં -*
*નેતૃત્વ ફોદા..*
*(પાટીદાર આંદોલન)*

*પાથરે કાંટા,*
*'મુલાયમ' - માર્ગમાં*
*સત્તાની ભૂખ!*
*(બિહાર ગઠબંધન)*

### ચિંતન

**ઉદ્યોગે નાસ્તિ દારિદ્રયં જપતો નાસ્તિ પાતકમ્ । મૌન ચકલહો નાસ્તિ જાગરિતે ભયમ્ ॥**

'જેવી રીતે મહેનત-પરિશ્રમ-ઉદ્યોગમાં પ્રવૃત્ત રહેવાથી દારિદ્રય-ગરીબી આપોઆપ દૂર થાય છે, અને નિશ્ચિત દેવની પ્રસન્નતા માટે જેમ જાપ જપવાથી પાપ-પાતકનું કષ્ટ દૂર થાય છે, અને મૌન રહેવાથી કજીયા-કંકાસ-કલહ દૂર થાય છે - થતા નથી અને સદાય સતર્ક-જાગૃત રહેવાથી ભય-મુશ્કેલી-આપત્તિઓ-ભયનો નાશ થાય છે.'

માણસ સદાય જાગતો-સતર્ક-પૂર્વ આયોજન વિચારી રાખે તેને મુશ્કલીઓ ઓછી નડે.

જે માણસ દરેક વાતમાં સલાહ-સૂચન કે બીન જરુરી હસ્તક્ષેપ કરે, ખૂબ બોલતું જ રહે છે તેને લગભગ બધાને સાથે બોલવાનું - ઝઘડવાનું થાય છે કારણ કે કોઈને સલાહ-દલીલ-સૂચના સાંભળવાં ગમતાં નથી. આથી 'મૌન' રહેવાથી ઘણાખરાં 'ઘર્ષણ' ને વિરામ મળે છે.

દેવોની પ્રસન્નતા માટે શ્રદ્ધા-વિશ્વાસપૂર્વકના જાપ જરુરી છે. પરિશ્રમ-ઉદ્યમથી જ પ્રસન્નતા-સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

### સુવિચાર

- તમે ગમે કેટલા પુસ્તકો વાંચશો પણ જો તમે તમારું જીવન પુસ્તક નહીં વાંચો... તો તેનો કોઈ જ અર્થ નથી - **સુરેશ દલાલ**
- મનુષ્યએ ધર્મ બજાવવા માટે હૃદય, મન અને બુદ્ધિનો સદુપયોગ કરવો જોઈએ - **ધર્મસૂત્ર**
- કોઈ પણ ત્યાગ બદલાની ભાવનાથી ન કરવો જોઈએ.. જયાં સ્વાર્થ કે લેવાની વૃત્તિ છે, તેવો માણસ ઉન્નત નહીં થઈ શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- જવાબદારી સ્વીકારવાની ક્ષમતા એ માનવીની પ્રતિભાનો માપદંડ છે - **સરદાર પટેલ**
- જે ગરીબો ઉપર દયા અનુકંપાની લાગણી રાખે છે તે પોતાના કૃત્યોથી ઈશ્વરને ઋણી બનાવે છે - **વિનોબા ભાવે**
- આપણી અંદર ઈશ્વરની ઉપસ્થિતિ એ જ વિશ્વાસ છે - **રાજચંદ્ર**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આપણે જેને મારા-અમારા ગણતા હોઈએ એ કોઈ સમય પર કામ આવતાં નથી અથવા તેની કસોટી ખરાબ સમયમાં થઈ જાય છે. સાચાં સ્નેહ -સંબંધ-મૈત્રી એ છે જે ખરાબ સમયમાં આપણી સાથે ખભેખભા મિલાવી ઊભા રહે - આપણા માટે રડે-દુ:ખી થાય...

'સોફિયા લોરેન' ખુબ સુંદર, ધનિક અભિનેત્રી એનું એકવાર થોડું કિંમતી ઝવેરાત ચોરાઈ ગયું. એ પોતાના શરીર પર કપડાં યે માંડ પહેરતી ત્યાં ઝવેરાત પહેરવાની વાત તો કયાંથી આવે? પરંતુ ઝવેરાતની ચોરીથી ખૂબ દુ:ખી થઈ.

તે પોતાના ડાયરેકટર, (પ્રખ્યાત) વિટોરિયો પાસે ગઈ. ખૂબ રડી અને ચોરીની વિગતવાર વાત કરી... વિટોરિયોએ, સોફિયાની વાત નિરાંતે સાંભળી. પછી જયારે સોફિયા શાંત થઈ ગઈ ત્યારે પૂછ્યું - આટલું બધું ઝવેરાત તું પહેરતી હતી કયારે?

સોફિયા કહે : મેં કયારેય - કદી પહેર્યું જ નો'તું..

વિટોરિયો કહે : સોફી, તો જે ઝવેરાત તારા માટે રડતું નથી ત્યારે તું એના માટે શું કામ રડે છે?!

સોફી જોઈ જ રહી - શાંત થઈ ગઈ.

# વચન પાળી બતાવો, વાસુદેવ !

## તંત્રીસ્થાનેથી....

નટખટ કાનુડો વ્રજની ગોપીઓને આમલીપીપળી બતાવતો ફરતો હતો એમ આજના રાજનેતાઓ પ્રજાને રોજેરોજ કંઈ ને કંઈ લાલચ આપતા રહે છે. ચૂંટણી ટાણે વચનોની લ્હાણી કરવામાં પાછી પાની કરે તો એ નેતા શાના! ચોમેર નરી છેતરપિંડી ચાલી રહી છે. પ્રજા લલચાઈ જાય છે, ભોળવાઈ જાય છે, મુગ્ધ થઈને દોરવાઈ જાય છે. જાદુગરની માયાજાળમાં એવી તો ફસાઈ જાય છે કે એમાંથી છૂટતાં બીજાં પાંચ-પંદર વરસ નીકળી જાય છે. મદારી અને રાજકારણી હવે પર્યાયવાચી શબ્દો બની ગયા છે. દેશને જાદુગરોનો, મદારીઓ અને તાંત્રિકો-માંત્રિકોનો દેશ કહેનારો ચર્ચિલ આટલાં વર્ષો પછી આર્ષદૃષ્ટા લાગે એવી પરિસ્થિતિ નથી સરજાઈ રહી શું? લાંબે ગાળે કેજરીવાલ, મોદી, નીતીશ, લાલુ કે મુલાયમ એક જ માળાના મણકા હોય એવું નથી લાગતું? સરદાર પટેલના નામનો જે રીતે બેફામ દુરપયોગ થઈ રહ્યો છે, તે જોતાં આગામી દિવસોમાં લોકો એ તપસ્વી રાજપુરુષને પણ સુગાળવી નજરે જોવા લાગે તો નવાઈ જ ન લાગવી જોઈએ. ગાંધી, નહેરુ અને આંબેડકરની આ દેશના રાજકારણીઓએ કેવી અવદશા કરી છે તે કહેવાની જરુર ખરી? બાકી રહી જતા હતા તે સુભાષબાબુ અને સરદારની પણ કાળક્રમે એવી જ દુર્દશા થવાની છે. કોણ જાણે વિશ્વની સૌથી જૂની સંસ્કૃતિઓ પૈકીની એક અને અખંડ પડકારો વચ્ચે પણ અડીખમ રહેતી ભારતીય સંસ્કૃતિમાં આવી વિકૃતી કયાંથી પેસી ગઈ! પરંતુ જરા શાંત ચિત્તે વિચારીએ તો સમજાશે કે વધુ પડતી બુદ્ધિ જ માનવીના શતમુખ વિનિપાતનું નિમિત બની રહેતી હોય છે. ગ્રીક અને રોમન સંસ્કૃતિના પતન પાછળ આ બુદ્ધિ જ જવાબદાર હતી અને ભારતીય સંસ્કૃતિની દુર્દશા પણ બૌદ્ધિકો જ કરતા રહ્યા છે. માણસ માણસ વચ્ચેના ભેદ એ વિકૃત બુદ્ધિવાદનું જ પરિણામ છે. હિંદુ ધર્મના ઔદાર્યપૂર્ણ અભિગમને સંકુચિત ચોકઠામાં પૂરી દેવાની કવાયત બુદ્ધિશાળી ગણાતા ભદ્રલોકની જ સરજત છે. મહાભારત કાળમાં લોકો ઓછા બુદ્ધિશાળી નહોતા. મહર્ષિ વેદવ્યાસ, ભીષ્મ અને વિદુર જેવા વિચક્ષણ વિભૂતિઓની હાજરીમાં એ લોહિયાળ રાજરમત ખેલાઈ હતી. દુર્યોધનને પણ ખબર તો હતી કે હું જે કંઈ કરી રહ્યો છું તે ધર્મયુક્ત નથી. ધર્મ શું તે દુર્યોધન જાણતો હતો; ફક્ત આચરી જ નહોતો શકતો! અદલ એવી જ મનોદશા આપણા આજના રોજનેતાઓની છે. એમને આખું હસ્તિનાપુર ભોગવવું છે - બીજા માટે નાનકડો ટુકડો પણ છોડવાની એમની તૈયારી નથી. જયારે દુર્યોધન આવી અધર્મ-ઘેલછા પર ઊતરી પડ્યો ત્યારે નાછૂટકે કૃષ્ણ જેવા ગોકુળ-વૃંદાવનની સંસ્કૃતિમાં ઉછરેલા લોકનાયકને મહાભારતના લોહિયાળ જંગમાં સારથિ બનીને સામેલ થવું પડ્યું હતું. એ વખતે સામે સ્વજનોને ઊભેલા જોઈ અર્જુન વિષાદયોગમાં સરી પડ્યો હતો. કૃષ્ણ સિવાયનો કોઈ પણ સારથિ હોત તો અર્જુન પાણીમાં જ બેસી ગયો હોત. પરિણામે દુર્યોધનનું રાજ અમર તપ્યું હોત. શું આજે પણ કોઈ અભિનવ કૃષ્ણ જેવા જાગ્રત સારથિની આ ઘેરી મોહનિદ્રામાં સરી પડેલ પ્રજાનેય જરુર છે - એવું નથી લાગતું? કૃષ્ણે તો પાછું અભયવચન આપી રાખેલુ છે : 'સંભવામિ યુગે યુગે!' આજે એમના પ્રાગટ્ય પર્વે પ્રાર્થના કરીએ કે હવે એ વધારે મોડું ન કરે. આપેલું વચન પાળી બતાવવાનો સમય પાકી ગયો છે.

# સમાજનો સંત્રી, અને સંસ્કૃતિનો સંરક્ષક : શિક્ષક



## પંચામૃત

ડો. જિજ્ઞેશ સુથાર

સમય જતાં કેટલાક શબ્દોનો અર્થ સંકુચિત થતા જાય છે. આપણો ભારતીય શબ્દ 'પરિવાર' કેટલો વિશાળ છે? શરુ શરુમાં તેનું અંગ્રેજી, 'ફેમિલી' પણ એટલી જ વિશાળતા ધરાવતો. પણ આવે ફેમિલી એટલે? 'શ્રી અને શ્રીમતિ', બાળકો પણ નહીં!

કંઈક આવું જ શિક્ષકનું થયું કે સંસ્કૃત શબ્દ 'આચાર્ય' પછી હિન્દી શબ્દ 'ગુરુજી', પછી ગુજરાતી શબ્દ 'શિક્ષક', ત્યાર પછી અંગ્રેજી શબ્દ ટીચર અને છેલ્લે છેલ્લે નવો શબ્દ 'ફેસીલીટેટર.' વિશાળતાથી સંકુચિતતા તરફની આ શબ્દયાત્રા, જાણે કાર્યક્ષેત્રને પણ આભડી ગઈ. પુરાતનકાળના આચાર્ય સાંદિપની, દ્રૌણાચાર્ય, કૃપાચાર્ય વિગેરેએ ગુરુ તરીકે સમાજનું જે દાયિત્વ નિભાવ્યું ત્યાંથી સંકુચિત થતાં થતાં આજે શિક્ષકનું કાર્યક્ષેત્ર જે તે વિષયના, અભ્યાસક્રમના, પાઠ્યક્રમના પ્રકરણો સુધી સિમિત થઈ ગયું છે.

શિક્ષણ થકી સમાજને સમજ, સૂઝ અને દિશા આપવાનું કામ શિક્ષકનું છે. ભૂતકાળ સાક્ષી છે કે રાજા-મહારાજઓ પણ રાજગુરુના માર્ગદર્શનથી ચાલતા. ચાણક્યની કુનેહ વગર ચંદ્રગુપ્ત ચાલી શકે નહીં. પુરાતનકાળના એ ગુરઓનો મિજાજ, વ્યક્તિત્વ, ચારિત્ર્ય, મૂલ્યનિષ્ઠા અને વિદ્વતા રાજા-મહારાજાઓને પણ શરમાવે તેવી હતી.




શાસકની ચાપલૂસી કરવાનું તેમને કદી ગમ્યું નથી. તટસ્થ સ્વ-અભિવ્યક્તિ પર અન્યનો પ્રભાવ કે ભયનો ઓછાયો પડવા દીધો નથી. તેથી જ તેઓ શિક્ષકત્વને, ગુરુપદને એક ઊંચાઈ આપી શકયા. રાષ્ટ્રભક્ત, મૂલ્યનિષ્ઠ, ચારિત્ર્યવાન, સામર્થ્યવાન નવી પેઢીનું નિર્માણ કર્યું. સમાજ અને રાષ્ટ્રને સાચી દિશા આપી. દુનિયાને આપણી સંસ્કૃતિનો, મહત્તાનો સાક્ષાત્કાર કરાવ્યો. અને સાચા અર્થમાં તેઓ, સમાજના સંત્રી અને સંસ્કૃતિના સંરક્ષણ બની રહ્યા.

આજે પણ શિક્ષકનું કર્તવ્ય તો આજ છે. વિષયવસ્તુ ભણાવવાની સાથે વ્યક્તિત્વ વિકાસ થાય છે ખરો? ગણિતની સાથે ગુણોની ખિલવણી થાય છે ખરી? સંસ્કૃત, સંસ્કૃતિ શીખવે છે ખરું? માતૃભાષા કે રાષ્ટ્રભાષા, માતૃઋણ કે રાષ્ટ્રીયતાનું નિર્માણ કરે ખરી? ચારે દિશાનો ઈતિહાસ શીખનારાનું ચારિત્ર્ય નિર્માણ થાય છે ખરું? સ્વાવલંબનનું શિક્ષણ કે પુરુષાર્થનું પ્રગટીકરણ થાય છે ખરું? આ બધું થાય તો આજનો શિક્ષક પણ સમાજનો સંત્રી અને સંસ્કૃતિનો સંરક્ષક જાણવો અન્યથા...

આરોપીએએ અડદી સજા તેની માતાને કરવાનું કહ્યું. જજના કુતૂહલભર્યા પ્રશ્નના જવાબમાં તેણે કહ્યું, 'મારા બાળપણની આ કુટેવ ન સુધારવા બદલ મારી માતા જવાબદાર છે' આજ વાત શિક્ષકને પણ લાગુ પડે ને?

સર્વાંગી શિક્ષણ, સામાજિક સંવાદિતા, સદ્ભાવ, બિનસાંપ્રદાયિકતા, ત્રણ એચની કેળવણી, મૂલ્યોનું શિક્ષણ, રાષ્ટ્રીયતાનું જતન, કૌશલ્ય શિક્ષણ... આપણા શિક્ષણ જગતના પાયાના શબ્દો છે.આ બધુ બરાબર થાય તો કોઈ નાગરિક પોલીસ સ્ટેશનને આગ ચાંપે ખરો? લાંચ લે ખરો? દ્વેષ અને દુર્ભાવપૂર્ણ વ્યવહાર કરે ખરો? કોઈ ચોક્કસ વાદથી પ્રભાવિત થઈ રાષ્ટ્રવાદને જોખમાવે ખરો?

કમનસીબે, આ બધા જ પ્રશ્નાર્થોવાળી પ્રવૃત્તિઓ આપણે કરી છે, કરીએ છીએ અને વૈશ્વિક કક્ષાએ તિરંગો શમરાય છે. ભારતમાતાનું શીશ ટટ્ટાર રાખવાનું શિક્ષણ, શિક્ષણ આપી શકે. સૈનિક દેશની સરહદો સલામત રાખી શકે પણ સામાજિક સમસ્યાઓ, જુદા જુદા વાદોથી મા-ભોમને બચાવવાનું કામ શિક્ષક અને શિક્ષણ દ્વારા જ થઈ શકે. એટલે જ શિક્ષકને કહેવાનું મન થાય કે...

''કંઈક વાવો અને લણો તેનો આદર છે,
નહીંતર ખેતર જેવું ખેતર પણ પાદર છે.''

આ શિક્ષકદિન નિમિત્તે દરેક શિક્ષક, તેના કાર્યક્ષેત્રની વિશાળતા ગુરુપદની ગુરુતા અને ગરિમા તથા આ વ્યવસાયની વિશિષ્ટતાથી ગૌર્વાન્વિત થાય. સ્વ-મૂલ્યાંકન કરી, પોતાના વિદ્યાર્થીઓના ઘડતર દ્વારા રાષ્ટ્ર નિર્માણ અને આદર્શ નાગરિક નિર્માણમાં પોતાની કર્માંજલિ અર્પે. સમાજના સંત્રી અને સંસ્કૃતિના સંરક્ષક તરીકેની ઓળખ ઉજાગર કરે કે જેથી... આ રાષ્ટ્ર ફરીથી વિશ્વગુરુ બની શકે.

- dr.jigneshsuthar@gmail.com

# ભગવાન શ્રીકૃષ્ણ : મેનેજમેન્ટ ગુરુ



## પ્રસંગસર

હાર્દિક સોરઠિયા

ભગવાન પોતાની પ્રકૃતિ દ્વારા અવતાર લે છે અને જાતજાતની અલૌકિક લીલાઓ કરે છે. જેવી રીતે અગ્નિ પોતે કંઈ નથી કરતી. તેની પ્રકાશિકા શક્તિ પ્રકાશ કરી દે છે. દાહિકા શક્તિ બાળી મુકે છે. તેવી જ રીતે ભગવાન પોતે કંઈ નથી કરતા, તેમની દિવ્ય શક્તિ જ બધું કામ કરી દે છે.

જેવી રીતે પુરુષ અને સ્ત્રી બે હોય છે એવી રીતે શ્રીકૃષ્ણ અને રાધા બે નથી જ્ઞાનમાં તો દેતનું અદ્વેત થાય છે. અર્થા બે હોઈને પણ એક થઈ જાય છે અને ભક્તિમાં અદ્વૈત થઈ જાય છે. જીવ અને બ્રહ્મ એક થઈ જાય તો 'જ્ઞાન' થાય છે અને એક જ બ્રહ્મ બે રુપે થઈ જાય તો 'ભક્તિ' થાય છે. એક જ અદ્વૈતત્વ પ્રેમની લીલા કરવા માટે પ્રેમનું આસ્વાદન કરવા માટે, સઘળા જીવોને પ્રેમનો આંદ દેવા માટે શ્રીકૃષ્ણ અને રાધા આ બે - રુપોમાં પ્રગટ થાય છે. તેથી જ ભગવદ્ગીતામાં કહેવાયું છે ને 'પેયં રાધા પશ્વ કૃષ્ણો રસાબ્ધિ દેહશ્વેક : કીડનાર્થ દ્વિધાભૂત્' અર્થાત 'જે આ રાધા અને જે આ કૃષ્ણ રસના સાગર છે, તેઓ એક જ છે, પરંતુ લીલાને માટે બે રુપ બનેલા છે.'

એક સૌંદર્યશક્તિનો ખજાનો ને સૃષ્ટિમાત્રના તારણહાર શ્રીકૃષ્ણ એક મેનેજમેન્ટ ગુરુ પણ હતા. એમને રુપ કોઈના સજવા-સજાવવાની અથવા વસ્ત્ર આભૂષણથી નહિ, પરંતુ સ્વયંસિદ્ધ છે. એ રુપને જોતા - જોતાં તૃષ્ટિ પણ નથી થતી; કેમ કે એ નિત્ય નવીન જ રહે છે. સમગ્રપણે, સૌંદર્ય અને ઐશ્વર્ય એ રુપનું આશ્રિત છે. એ રુપના દર્શન બહુ જ દુર્લભ છે. કોને ખબર ગોપીઓએ કયુ તપ કર્યું હતું? જે પોતાના નેત્રોનો પડિયા વડે સદા એમના રુપ માધુરનું પાન કર્યા કરે છે.

આ તો હતી માત્ર એમના રુપની જ વાત હવે મેનેજમેન્ટ તરફ આંખ માડીએ તો સરળ સંચાલન, નેતૃત્વ, આયોજનની અસરકારકતા, કાર્યક્ષમતા, દોરવણી અને અંકુશ જેવા ગુણધર્મો પણ એમના જીવનના પર્યાય હતા.



એમની દૃષ્ટિ અને વ્યૂહરચનાની તો વાત કરીએ એટલી ઓછી. અને વળી વ્યવસ્થાપનમાં તો એમને કોઈ પહોંચે જ નહીં.

હવે એમનાં મેનેજમેન્ટના ગુણધર્મો પર વિસ્તૃત ડોકિયું કરીએ તો તમને ખ્યાલ આવે કે કિષ્ણ કેવે મેનેજમેન્ટના ગુરુ હતા.

આપ સર્વ ભારતનો મહાનગ્રંથ શ્રીમદ્ ભગવદ્ગીતા અને મહાભારતથી તો પરિચિત હશો જ અને એમની વાતથી પણ. એમાં પણ અવનવા મેનેજમેન્ટના ગુણધર્મોની આપણને ઝાંખી થઈ છે.

ભગવાના આ મેનેજમેન્ટ ખ્યાલો હાલના સમયમાં પણ મહાન મેનેજમેન્ટ ચિંતકોના પ્રેરણા સ્ત્રોત બન્યા છે. નજર નાખીએ મેનેજમેન્ટના ખ્યાલ પર.

● **Simplicity (સરળતા)**

આપણે સૌ જાણીએ છીએ કે મિત્રતા શિખવી હોય તો કૃષ્ણ પાસેથી કેમ કે, સુદામાની મિત્રતા એમને એક રાજા બન્યા ત્યારે પણ નિભાવી સુદામા ન બોલે એ પહેલાં જ બધું આપી દીધું.

● **Ocean of Knowledge - (જ્ઞાનનો સમુદ્ર)**

ભગવાન કૃષ્ણ 'સોળે કળા સંપૂર્ણ' હતા અને વળી 'પૂર્ણ પુરુષોત્તમ'હતા. તેમની વાંસળીના સૂર સાંભળી ગોપીઓ દોડી આવતી અને એટલું જ નહિ, ગાયો પણ ટોળે વળી એમને નાદે એક થઈ જતી.

● **As mentor / Teacher as well as Student.**

**(ગુરુ, શિક્ષક, વિદ્યાર્થી)**

એક વાત તો શિખવા જેવી કે એમને જીવનમાં કંઈ કેટલા રોલ કર્યા કયારેક ગુરુ તો કયારેક શિક્ષક તો વળી કયારેક વિદ્યાર્થી. ભગવાન કૃષ્ણે ૬૪ કળાને માત્ર સાંભળવાથી શીખી હતી ઋષિ સાંદિપની પાસેથી વિદ્યાર્થી બનીને, તો વળી ટીચર બનીને તેમણે સત્ય અને ભક્તિમાર્ગ પણ બતાવ્યો હતો અર્જુનને.

● **Leadership (નેતૃત્વ)**

જયારે બાળપણમાં કૃષ્ણ અને તેમના મિત્ર માણખની ચોરી કરતા હતા તેમાં પણ કૃષ્ણનું જ ટીમવર્ક અને નેતૃત્વ ઊભરી આવતું તો વળી ગોવર્ધન પર્વત ઉઠાવી બધા ને સમાવી લેવા પણ એક નેતૃત્વ જ હતું.

જયારે કૃષ્ણએ કહ્યું : દુર્યોધનને કે કાં તો મારી સેના ને કાં તો હું તેમાંથી તમે શું પસંદ કરશો ત્યારે પણ લીડર બની જે ફરજ નિભાવી ને સારથિ બનીને પણ અર્જુનનું બધું કામ કરી બતાવ્યું.

● **Team work (જૂથ)**

બાળપણમાં માખણ ચોરવા માટેની ટીમવનર્ક અને અર્જુનને કંઈ રીતે યુદ્ધમાં આગળ વધવાનું અને ટીમમાંથી કયા વ્યક્તિને કઈ પરિસ્થિતિમાં યુદ્ધ આગળ કરવાનો એ ટીમવર્ક તો હતું જ.

● **Directing (દોરવણી)**

જયારે અર્જુનનો એ મહાભારતમાં શસ્ત્રો ત્યજીને યુદ્ધ નહીં કરવાનો વિચાર કર્યો ત્યારે કૃષ્ણએ તો તેમને ડિરેકટીંગ કરીને કહ્યું કે, તું તારા ગૉલ(લક્ષ્ય) પર ધ્યાન કેન્દ્રિત કર.

● **motivation (માર્ગદર્શન)**

જયારે ભગવાન કૃષ્ણને એવું લાગ્યું કે અર્જુન ડિમોટીવ થઈ રહ્યો છે ત્યારે ભગવાનને તેમનો પરિચય કરાવ્યો અને તે એક મહાનગ્રંથ બની ગયો 'શ્રીમદ્ ભગવદ્ગીતા' કે જેમને લોકો આજે પણ અનુસરે છે.

એટલે જ આજે લોકો શ્રીકૃષ્ણને યાદ કરે છે અને એ માત્ર એક મેનેજમેન્ટ ગુરુ જ નહીં ઓલ માઈટી ગોડ (વન ઈઝ ઓલ અથવા તો વન મૅન આર્મી) હતા.

આ સંપૂર્ણતાના ખજાનામાંથી હવે આપણે આવા ગુણ શીખવાનાજ રહ્યા અને એમના આ મેનેજમેન્ટના ખ્યાલો અપનાવીને આપણે પણ એમના જીવનની જેમ ધન્યતા બક્ષનારું બનવાનું જ રહ્યું.

# માધવ કયાંક નથી મધુવનમાં



## પર્વ વિશેષ

રણછોડ પરમાર

આજે જન્માષ્ટમી છે. અમારા ગામના લોકો એને ગોકળઆઠમ કહે છે. બંને શબ્દો કેટલા સરસ છે? જન્માષ્ટમી, એટલે જન્મ + અષ્ટમી, કોઈના જન્મની અષ્ટમી છે એનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. છતાં બધા એ જાણે છે. ગોકળ અને આઠમમાં તો જાણે આખા ગોકુળની આઠમ ઉજવવાની છે, એમાંય કોઈ મનુષ્ય કે દેવની નહીં પણ સમગ્ર ગોકુળનું નામ પાડવામાં આવ્યું છે, તો ય બધા જાણે છે કે ભાઈ કૃષ્ણ-કનૈયાનો? જન્મદિવસ ઉજવવાનો છે. આવો અસીમ લોકપ્રેમ બીજા કોઈ દેવનો મળ્યો હોય, તેવું હું તો જાણતો નથી. બિચારા મનુષ્યને તો આવો અપાર પ્રેમ કયાંથી પ્રાપ્ત થાય? એક હતા મહાત્મા ગાંધી, એમનો જન્મ દિવસ બીજી ઑકટોબર અને રેંટિયા બારસ બે દિવસ મનાવાતો હતો પરંતુ સરકારી બાપુએ બારશ રાસ ના આવી અને હવે બીજી ઑકટોબર ગાંધીજન્મદિન તરીકે ઉજવાય છે. એમ તો નહેરુચાચાનો જન્મદિવસ બાળદિન તરીકે, સ્વામી વિવેકાનંદનો જન્મદિન રાષ્ટ્રીય યુવા દિન તરીકે, મશહૂર ખેલાડી ધ્યાનચંદનો જન્મદિન ખેલદિન તરીકે મનાવવામાં આવે છે. આ બધા દિવસો ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષાવાળાઓને મોઢે કરવાના કામમાં આવે છે. જન્માષ્ટમી જેવી ઉજવણી તો એના નસીબમાં કયાંથી હોય? મારી વાતમાં તમને ખાતરી ન પડતી હોય તો ગમે તે ત્રણ ક્રિકેટ રસિયાઓને કોઈ પણ હૉકીના ખેલાડીનું નામ બોલવા કહી જોજો. અનામત કાઢવી કે રાખવી એ બાબતે પાનના ગલ્લે જોરશોરથી ચર્ચા કરતા તરવરિયા જુવાનો (દસ-પંદર-પચીસ આપ ઈચ્છો તેટલા) ને સ્વામી વિવેકાનંદનો જન્મદિવસ કયારે આવે છે તે પૂછવાની હિંમત કરી જોજો. સાચો જવાબ આપવાને બદલે એ બધા તમારી હાંસી ના કરે તો સારું. આની સામે કૃષ્ણની પ્રિતી તોળવાની કોશિશ કરતાં નહીં. પહાડ નહીં પૂરા હિમાલય સામે તલને જોખવાની ધૃષ્ટતા થોડી કરાય?

ગામની નાનકડી શેરીથી માંડી મોટા મોટા શહેરના મસમોટા મેદાનોમાં શ્રાવણ વદ આઠમની રાતે કૃષ્ણજન્મની ભવ્યાતિભવ્ય ઉજવણીઓ થાય છે. ગોકુળ, મથુરા, દ્વારકા, ડાકોર, શામળાજી જેવા શ્રીકૃષ્ણના મંદિરોમાં આવી ઉજવણી થાય અને મનેખના મેળા ભરાય એ તો સહેજે સમજાય તેવી વાત છે. પરંતુ, આપણા ગાંધીનગરની પાડોશમાં વાસણીયા મહાદેવ અને ધોળેશ્વર મહાદેવના મંદિરમાં પણ ગોકળ આઠમના મેળા લોકો હોંશે હોંશે માણે છે એ પણ અચરજની વાત છે ને? આમ રાજયના ખૂણેખૂણે કૃષ્ણના જન્મની રંગેચંગે ઉજવણી થાય અને રાતે બાર વાગે ઢોલનગારાના ધમકાર અને લોકગળાના જયજયકાર વચ્ચે કૃષ્ણનો જન્મ થાય છે ત્યારે મારી પ્રિય ગુજરાતી ભાષાનો કવિ એમ કહે કે,

> 'માધવ કયાંક નથી મધુવનમાં'
> આટલું કહીને એ અટકયો હોત
> તો સારું. એના બદલે આગળ વધે છે -
> ફૂલ કહે ભમરાને, ભમરો વાત કહે ગુંજનમાં :
> માધવ કયાંક નથી મધુવનમાં.

હરિન્દ્ર દવે આપણઆ શ્રેષ્ઠ ગીતકારોમાંના એક છે. એમણે અદ્ભૂત કહી શકાય તેવા કૃષ્ણના ગીતો ગાયા છે. 'કાનુડોને બાંધ્યો છે હીરના દોરે' માં કેવું સરસ શબ્દચિત્ર દોર્યું છે? જયારે 'મથુરામાં ઝૂરે માધવ, મધુવનમાં ઝૂરે રાધા, અધમારગ ઝૂરે ઓધવજી, નીરખી નેહ અગાધા' માં કૃષ્ણ-રાદાના પ્રેમની સાથોસાથ ઓધવજીની નેહ-ભક્તિને કેવી અદ્ભૂત રીતે સાંકળી લીધી છે તે તો તમે એ ગીત કોઈ કોકિલકંઠીના ગળે ગુંજતું સાંભલો તો જ ખબર પડે. પણ આપણી વાત અવળે પાટે ના ચડે એટલે મૂળ વાત પર આવીએ. કવિ માધવ કયાંક નથી એવું એમનેય નથી કહેતાં. બધે તો ગોકુળમાં જોઈ - તપાસીને પછી નિરાશ થઈને બોલે છે -



> કાલિન્દીના જલ પર ઝૂકી
> પૂછે કદંબડાળી,
> યાદ તને બેસી અહીં વેણું
> વાતા'તા વનમાળી?
> લહર વમળને કહે, વમળ એ વાત સ્મરે સ્પનંદમાં;
> માધવ કયાંક નથી મધુવનમાં.

જમનાના જળને પૂછ્યું, કદંબના ઝાડને પુછ્યું, જે થડે કાનુડો ટેકો દઈને વાંસળી વગાડતો હતો એ થડને પુછ્યું, પવનની લહેર અને જળના વમળને પુછ્યું, કોઈએ ભાળ ના આપી એટલે નંદ અને જશોદાને પણ પુછવું પડ્યું. તેમણે શું કહ્યું?

> કોઈ ન માગે દાણ, કોઈની આણ ન વાટે ફરતી,
> હવે કોઈ લજ્જાથી હસતાં, રાવ કદી કયાં કરતી!
> નદં કહે જશુમતીને, માતા લાલ ઝરે લોચનમાં :
> માધવ કયાંક નથી મધુવનમાં.

પાલક માતાપિતા તરફથી માધવનું કોઈ ઠામઠેકાણું મળતું નથી. છતાં કવિ એમની શોધ પડતી નથી મૂકતા. કનૈયો જેની સાથે મજાકમસ્તી કરોત, જેમની માણખની ગોળીઓ ફોડી નાખતો, જેમની સાથે રંગભર્યા રાસ રમતો એવી ગોપીઓને પણ પૂછવું જોઈએ. ટપટપ કરતાં આંસુડાં ખરી પડ્યાં અને હોઠ જરાક થરકીને આટલું જ બોલ્યા -

> શિર પર ગોરસમટુકી, મારી વાટ ન કેમે ખૂટી,
> અબ લગ કંકર એક ન લાગ્યો, ગયાં ભાગ્ય મુજ ફુટી;
> કાળજ કહે આંખોને, આંખો વાત વહે અસુઅનમાં;
> માધવ કયાંક નથી મધુવનમાં

ગોપી રડતી રડતી એમ કહે છે કે, મારા ભાગ્ય ફૂટી ગયાં છે ત્યારે કવિને લાગે છે કે આપણા પણ ભાગ્ય ફૂટી ગયા છે. માધવ સર્વેને છોડી - તરછોડીને કયાંક ચાલ્યો ગયો છે. આજે ગામેગામ જન્મોત્સવ (આ નામની સુરેશ જોષીએ એક અદ્ભૂત વાર્તા લખી છે. કયાંકથી 'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહ મેળવીને વાંચી શકશો?) મનાવશે, મોટા મોટા મેળાઓ ભરાશે, ઊંચી, થોડીક વધુ ઊંચી ગોરસ ભરેલી મટુકીઓ ફોડવાની સ્પર્ધાઓ થશે, 'હાથી-ઘોડા-પાલખી, જય કનૈયાલાલ' ના નાદથી મંદિરો ગૂંજી ઊઠશે, ટીવી પર કૃષ્ણજન્મના દ્વારિકા-મથુરા-ડાકોરથી જીવંત પ્રસારણ થશે, કયાંક આખી રાત ભજનોની રમઝટ જામશે, એ બધામાં આપ રાજીખુશીથી સામેલ થજો. પ્રભુના ગુણગાન ગાજો, દર્શન કરજો અને છેલ્લે પંચાજીરીનો સ્વાદ માણજો. (તમને થશે એક વાત તો રહી ગઈ - તીન પત્તી રમવાની! તો મિત્રો મહાભારતનું દારુણ યુદ્ધ જેની રુબરુમાં લડાયું હતું એ શ્રી કૃષ્ણ કદી જુગાર હા, હા,જુગારથી કદી ખુશ થાય ખરા?)

આમ આનંદે-રંગેચંગે જન્માષ્ટમી મનાવજો, ભલે મનમાં એક પંક્તિ રમતી હોય - 'માધવ કયાંક નથી મનુવનમાં.'